





# ગમ્મત સાથે ઘડતર

## અવૈધિક શિક્ષણ તાલીમ સામગ્રી

નિર્માણ 'દર્શન'

PEOPLE • MOVEMENT • CHANGE
BSC

સહયોગ
બિહેવિયરલ સાયન્સ સેન્ટર
સેંટ ઝેવિર્સ કોલેજ કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદ ૩૮૦ ૦૦૯.
ફોન નંબર : (૦૭૯) ૨૬૩૦ ૪૯૨૮ / ૨૬૩૦ ૩૫૭૭ • ફેક્સ નંબર : (૦૭૯) ૨૬૩૦ ૭૮૪૫
ઈમેલ : sxfesad1@vsnl.net, sxnfesad1@sancharnet.in

# નાનાં નાના ધરુવાડિયાં

બી.એસ.સી. સંચાલિત 'બાલ વિકાસ કેન્દ્ર' એટલે સમાજ-પરિવર્તન માટેનાં નાનાં નાનં ધરુવાડિયાં. છેલ્લા બેથી પણ વધુ દાયકાથી બી.એસ.સી., સમાજનાં છેવાડાનાં લોકો- ખાસ કરીને દલિતો, આદિવાસીઓ, કહેવાતી પછાત જાતિઓ અને લઘુમતિ સમાજનાં શોષિતોના પક્ષે રહીને, તેમને અધિકારો અને સ્વમાન માટે જાગૃત કરનારી સંસ્થા તરીકે ગુજરાતમાં અને ગુજરાતની બહાર પણ; ઠીક ઠીક જાણીતી કર્મનિષ્ઠ સંસ્થા તરીકે ગજું કાઢી ચૂકી છે.

ગરીબી, જ્ઞાતિવ્યવસ્થા, જેન્ડર અસમાનતા, સાંપ્રદાયિકતા અને શોષણ સામે, સામા પ્રવાહે લડતાં રહેવું-ઝૂઝતા રહેવું એ આજના સંજોગોમાં સહેલી વાત નથી. યુવાનો, મહિલાઓની સાથે સાથે જે તે શોષિત સમુદાયનાં બાળકો સાથે પણ વિવિધ સ્તરનાં જાગૃતિ-અભિયાન હવે બી.એસ.સી.ની પહેચાન બની ચૂકયાં છે. અમને- 'દર્શન' સંસ્થાના સાથીઓને, શ્રી ભારતીબહેન ગાંધીને અને મને અંગત તેમજ સંસ્થાકીય રીતે બી.એસ.સી.ની કામગીરીમાં જોડાવામાં સતત આનંદ મળ્યો છે, સતત નવું શીખવા મળ્યું છે અને કામ કર્યાનો સંતોષ મળ્યો છે તે કહેવાની તક આજે ઝડપું છું.

આમ તો શિક્ષણને સમાજ પરિવર્તનનું પહેલું પગથિયું માનવામાં આવે છે પણ સવાલ એ છે કે, આપણું કહેવાતું શિક્ષણ સામાજિક જાગૃતિ લાવે તેવું રહ્યું છે ખરૂં? આપણા સમાજની વરવી વાસ્તવિકતાઓ પ્રત્યે માણસને સભાન કરી શકે એવું છે ખરૂં? વળી ખાનગીકરણ અને વૈશ્વિકરણની આબોહવા જે રીતે જામી રહી છે તેમાં, આમ પ્રજા તેમાંય શોષિત અને છેવાડાની પ્રજા શિક્ષણ સુધી જઈ શકે એવું રહ્યું છે ખરૂં?

માની લઈએ કે, આ બધા સવાલોના જવાબ અવૈધિક શિક્ષણમાં છે. દરેક ઉંમરની, દરેક આર્થિક-સામાજિક સ્તરની વ્યક્તિને જો વિચારપૂર્વકનું, આયોજનપૂર્વકનું અને સર્જનાત્મક ઢબે અવૈધિક શિક્ષણ (નોન ફોર્મલ એજ્યુકેશન)પહોંચાડી શકાય તો સામાજિક-રાજકીય-આર્થિક પડકારો ઝીલવાની સજ્જતા કેળવાય.

બી.એસ.સી.એ આ ક્ષેત્રે પણ સાહસનાં પગલાં માંડી દીધાં છે. પણ બાળકો માટે અને એમાંય શાળાએ જવાની શરૂઆત ન કરી હોય તેવા ભૂલકાંઓ માટે અવૈધિક શિક્ષણ વળી ઑર આગવી સૂઝ-સમજ માંગી લે તેમ છે! કેમ કે આમાં તો ધરમૂળના ફેરફારો અને ધરમૂળમાં સિંચન બંનેની નવેસરથી શરૂઆત કરવી પડે! બી.એસ.સી.એ આ બીડું ઝડપ્યું છે.

આમ જોવા જઈએ તો રાજ્યમાં, દેશમાં... શહેરોમાં ને ગામોમાં પણ નાનાં ભૂલકાં માટે (૧½ થી ૫ વર્ષના) નર્સરી, પ્લેગ્રુપ, ડે-કેર સેન્ટરનાં નામે ઠેર ઠેર પાટિયાં ઝૂલતાં જોવા મળે છે. બીજી તરફ બાલમંદિર, બાલવાડી, આંગણવાડી જેવાં નામ સરકારી, અર્ધસરકારી અને સ્વૈચ્છિક ક્ષેત્રો દ્વારા ધમધમે છે. સવાલ એ છે કે જે તે બાળકોની સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક અને રાજકીય પણ- પૃષ્ઠભૂમિ/બૅકગ્રાઉન્ડને ધ્યાનમાં લઈને એમાંની પ્રવૃત્તિઓ ચાલે છે? ચલાવવામાં આવે છે? ગુજરાતનાં ગામડાંનાં બાળકનાં માતાપિતાની પોતાની શૈક્ષણિક ભૂમિકા નહિવત્ હોય છે. આ બાળકો તે જ તેમની પહેલી પેઢી છે જે કદાચ શિક્ષણાભિમુખ થઈ રહી છે. આવાં બાળકો માટે અવૈધિક શિક્ષણની સામગ્રી, સાહિત્ય અને પ્રવૃત્તિઓ આપણી પાસે હાથવગાં છે? બાળમનોવિજ્ઞાન તો બાલજીવનની નિખાલસતા, સહજતા, રમતિયાળપણું, કુણું લાગણીતંત્ર- આ ઘણાં પાસાંની વાત કરે છે; પણ ગરીબ, ગામડાંવાસી, શ્રમજીવી સમાજનાં બાળકોને પોતીકું લાગે એવું શું છે આપણી પાસે?

દાયકાઓ પહેલાં શ્રી. ગિજુભાઈએ આ ક્ષેત્રમાં શરૂઆત કરેલી. શ્રી. જુગતરામભાઈ, શ્રી. નાનાભાઈ ભટ્ટ, શ્રી. પ્રેમશંકર ભટ્ટ જેવાએ એ કેડીને લંબાવેલી અને આવાં ગ્રામીણ-શ્રમજીવી વાલીઓનાં બાળકોને ગમે તેવી સામગ્રી અને શૈક્ષણિક દૃષ્ટિકોણ આપતા થયા છે. પણ આજે એ બધી સામગ્રીનું અવલોકન કરવાની અને એને અપ-ડેટ (વર્તમાન સમય માટે યોગ્ય) કરવાની જરૂર પણ જણાય છે. આજનું ગ્રામીણ બાળક ફક્ત હરિયાળાં ખેતરો વચ્ચે, કુદરતને ખોળે, ખળખળતી નદીઓને કાંઠે, લીલાછમ ડુંગરાની તળેટીમાં રૂમઝુંમતું રમે છે એમ કહી શકાય ખરૂં? શહેરીકરણ, યાંત્રીકરણ અને વૈશ્વિકરણની ભીંસ વચ્ચે જીવતું આજનું ગ્રામીણ બાળક કેટકેટલા પડકારોનો સામનો કરે છે! એનાં મા-બાપ સ્થાયીપણે ગામમાં રહી-વસી પણ નથી શકતાં. રોજીરોટી મેળવવા વારંવાર સ્થળાંતર કરતાં ખેતમજૂરો, અગરિયાઓ, માલધારીઓ, જમીનવિહોણાંઓનાં બાળકો માટે હાલનું કહેવાતું શહેરી બાલસાહિત્ય-બાલશિક્ષણ કે ગિજુભાઈના જમાનાનું બાલસાહિત્ય-બાલશિક્ષણ કામે લાગે ખરૂં? 'કામે તો લગાડીએ' પણ એ સુસંગત છે ખરૂં? આ સિવાય, આ ભૂલકાંઓનું ઘડતર કરવા, જીવનનો પરિચય કરાવવા જે ભાષા/બોલીની જરૂર પડે, તે ભાષા/બોલીમાં આવી સામગ્રી હાથવગી છે? આ વયનાં, કોઈપણ સ્તરનાં બાળકોને માબોલીમાં આ જાણકારી આપવી જોઈએ અને ધીમે ધીમે એને કહેવાતી માન્ય ભાષા તરફ વાળવું પડે. આ સમજણ સાથેની સામગ્રી છે આપણી પાસે?

નાત-જાત, ધર્મ-સંપ્રદાય, બોધ-ઉપદેશથી પર, આનંદની સાથે જાણકારી આપતી ને છતાંય ઘડતર કરતી સામગ્રી છે આપણી પાસે?

બી.એસ.સી.એ દસેક વર્ષ પહેલાં, ભાલ વિસ્તારમાં અને પછી દાંતા વિસ્તારમાં જ્યારે 'બાલ વિકાસ કેન્દ્રો' શરૂ કર્યા ત્યારે આ બધી મૂંઝવણોમાંથી પસાર થવું પડ્યું હશે. વાલ્મિકી સમાજ અને દાંતાના શ્રમજીવી આદિવાસી સમાજનાં બાળકો અને જે તે વિસ્તારમાંથી આગળ આવેલાં 'શિક્ષકો'ને આ મૂંઝવણો ઘેરી વળી હશે. આમ તો એમણે પણ એમને હાથવગાં જાણીતાં- પ્રચલિત સાધનસામગ્રીનો ઉપયોગ કરવા જ માંડેલો. પણ યોગ્ય સમજ અને દૃષ્ટિકોણ સાથે પ્રવૃત્તિઓ ચાલે, બાળકને 'એંગેજ' રાખી શકાય, વાલીઓને ગળે શિક્ષણનું મહત્ત્વ ઉતારી શકાય ને છતાંય આપણે ધારીએ છીએ તેવું સમાનતાલક્ષી, જાગૃતિલક્ષી, સ્વમાનલક્ષી ઘડતર પણ થાય એવાં સામગ્રી, સંસાધનો અને અભિગમની ખોજ બી.એસ.સી.એ ચાલુ રાખી.

બી.એસ.સી.ના સુશ્રી. આગ્નેસબહેને આદર્શ, નક્કર 'બાલ વિકાસ'નું સપનું જોયું અને અમે 'દર્શન'નાં સાથીઓ તેમજ શ્રી ભારતીબહેને આ સપનું સાકાર કરવા યથાશક્તિ પ્રયત્નો આદર્યા. દૂધમાં સાકરની જેમ પરસ્પર સહકારપૂર્વક આ પ્રયત્ન લગભગ એક દાયકા સુધી પ્રયોગાત્મક ધોરણે કરતાં રહ્યાં. આજે નમ્રતાપૂર્વક, ગૌરવ લઈ શકીએ એવું આ કામ હાથમાં આવ્યું છે. એ જરૂર કબૂલવું રહ્યું.

બી.એસ.સી.ની ગરીબપક્ષી અને સ્વમાનલક્ષી વિચારસરણી, શ્રી ભારતીબહેન ગાંધીનો ચાર દાયકાનો શિક્ષક તેમજ શિક્ષણ વિશેષજ્ઞ તરીકેનો સઘન અનુભવ અને 'દર્શન'ના કર્મશીલ હિરેન ગાંધી તેમજ આ લખનારની રાજકીય, આર્થિક-સામાજિક અને સાંસ્કૃતિક સમજણના સમન્વયથી આ સાહસ હાથ ઉપર લીધું અને આજ આપ સૌના હાથમાં મૂકાય તેવું થયું તે આપણા સૌને માટે આનંદની વાત છે. એટલું જ નહિ, વર્તમાન સંજોગો વચ્ચે શોષિત સમાજની નવી પેઢી માટે કશુંક નક્કર પ્રદાન થઈ રહ્યું છે એ પણ કહેવું ઘટે...... હવે તો આવનારો સમય જ એની યોગ્યતા પૂરવાર કરશે.

'ગમ્મત સાથે ઘડતર'નો આ અભ્યાસક્રમ મહત્ત્વાકાંક્ષી સામગ્રી બન્યો છે. શ્રી. ગિજુભાઈ, શ્રી. જુગતરામભાઈ, પ્રેમશંકરભાઈ અને એમની 'સ્કૂલ'ની સામગ્રીમાં બધું જ કાઢી નાખવા જેવું કયાંથી હોય! એમાંથી પણ કેટલુંક અપનાવ્યું છે. તે પછી પણ બાળકો કે બાળસાહિત્ય માટે રસ લેનારા મુખ્યપ્રવાહના સર્જકોની થોડીક સામગ્રી પણ સાથે રાખી છે. જેમાં સર્વશ્રી લાભશંકર ઠાકર, બાલમુકુંદ દવે જેવાં નામ ખાસ છે. રાજુભાઈ અને દિપ્તીબહેન પણ યાદ આવે છે. આ સૌનો સીધો યા આડકતરો આભાર. કેટલુંક લોક સાહિત્ય પણ સંઘર્યું છે. કેટલુંક અમે- દર્શનના મિત્રોએ પણ તૈયાર કર્યું છે; એ વખતે સર્વશ્રી. મયંકભાઈ ઓઝા, ઉજ્જવલા મકવાણા, પરેશ વ્યાસ, તેજલ પંચાસરાને યાદ કરીને એમનો ખાસ આભાર. 'દર્શન'ના નિયતિબહેનનું પ્રોત્સાહન સતત મળતું રહ્યું છે. વળી, આ સામગ્રી માત્ર શબ્દપ્રયાસો નથી- નક્કર અજમાયેશનો ભાગ છે. આ માત્ર બાળસાહિત્ય નથી; અવૈધિક શૈક્ષણિક સામગ્રી છે. એની અજમાયેશમાં છેલ્લાં નવ-દસ વર્ષ દરમ્યાન થયેલી બાળવિકાસ કેન્દ્રનાં શિક્ષકોની તાલીમો, સુપરવિઝન, સુપરવાઈઝર્સ મીટિંગો..... બધાંનો સમાવેશ થઈ જાય. શિક્ષણ અને સમાજપરિવર્તનના આ પ્રયાસોમાં જોડાયેલાં બી.એસ.સી. પ્રોજેકટ ઓફિસર્સ: સર્વશ્રી આગ્નેસબેન, શોભનાબેન, શૈલેષભાઈ, દિનેશભાઈ, જોગાભાઈ, વિનુભાઈ...... કેટકેટલાં નામ...... નજરમાંને દિલમાં વસે છે..... સૌનો આભાર. જે બાળકો માટે આ બધું છે એમને અને એમનાં વાલીઓને કેમ ભૂલાય? અમે બી.વી.કે. સાથે જોડાયા ત્યારે, બી.એસ.સી.ના તે સમયના સંવાહક શ્રી. વિજયભાઈ પરમારથી શરૂ કરીએ તો તેઓ, શ્રી. પ્રસાદભાઈ ચાકો અને શ્રી. દિનેશભાઈ પરમાર સાથે ફા. અમલરાજ પણ આ પ્રયાસના સહભાગી છે. સૌનો આભાર.

૨૦૦૧ના ભૂકંપ પછી કચ્છમાં કામ કરતી એક મોટી સંસ્થાએ કેટલાંક ભાંગી પડેલાં ગામોનાં બાળકો માટે આવી 'કલરવવાડીઓ' શરૂ કરેલી. તે બાળકો માટે આવી જાઈતી સામગ્રી તૈયાર કરવાની તક પણ મળેલી. એ સંસ્થાનાં તત્કાલીન અધિકારી શ્રી કસ્તુરીબેન અને શ્રી. કવિતાબેન અને તે પ્રયત્ન સાથે સંકળાયેલા સૌ મિત્રોને પણ યાદ કરવાં ઘટે. રાજસ્થાનની એક મોટી સંસ્થાએ તૈયાર કરેલી સામગ્રીમાંથી પણ કેટલીક પ્રેરણા મળી છે. સર્વાંગી રીતે ગ્રામીણ-ગરીબ સમાજોપયોગી બને તેવી આ સામગ્રીને પ્રગટ કરતાં આ તમામનો આભાર.

અને છેલ્લે, આ સામગ્રીમાં એક નવતર સાહસ-પ્રયોગની ખાસ નોંધ લઈને પુરું કરું.

શૈક્ષણિક પદ્ધતિ માટે આ બાલ વિકાસ કેન્દ્રોનાં શિક્ષક ભાઈ-બહેનોની તાલીમો કરવામાં આવી. ઉપરાંત એક નવી તાલીમ પણ ઉમેરાઈ: જાણીતી અને હાથવગી બાળ સાહિત્ય-સામગ્રી ક્યાંક ટૂંકી પડતી હતી, ઓછી પડતી હતી તો સુસંગત સામગ્રીનો ઉમેરો કરવાની તાલીમ આપવામાં આવી. આ શિક્ષક ભાઈ-બહેનોએ પોતપોતાની બોલીમાં જોડકણાં, ગીત, વાર્તાઓ રચ્યાં. અલબત્ત, પ્રચલિત સામગ્રીનું બીબું ચોક્કસ લેવામાં આવેલું પણ આ મિત્રોએ ખૂબ ઉત્સાહપૂર્વક સર્જન-પ્રયાસ કર્યો અને જે તે વિસ્તારો અને બોલીજૂથોમાં આ મિત્રોએ દાંતાની આદિવાસી બોલી, ભાલવિસ્તારની બોલી; જેમાં સોરઠી છાંટ છે, બનાસકાંઠાના અંતરિયાળ વિસ્તારની બોલી અને કચ્છના ભચાઉ-રાપરની વાગડી બોલીમાં નવી સામગ્રી તૈયાર કરી. તળ કચ્છીમાં પણ થોડુંક કામ થયું જે કચ્છનાં મુસ્લિમોમાં જ બચી ગઈ છે. સમગ્રપણે હવે બી.એસ.સી.નાં ધરુવાડિયાં પોતપોતાની માબોલીમાં ગાતાં-ગૂંજતાં થઈ ગયાં છે. આ સર્જનપ્રયાસ દરમ્યાન કેટલાંક શિક્ષકોમાં છૂપાયેલા નૈસર્ગિક રચના કૌશલ્યને પણ મારગ મળ્યો છે. અન્ય મિત્રોને એમનું જોઈને પોરસ ચઢ્યો છે અને આગળ ઉપર આ બાલ વિકાસ કેન્દ્રો જ્યારે પગભર થશે ત્યારે ભાષા-બોલીની સ્વનિર્ભરતા પણ હાંસલ કરી શકશે એવી ખાતરી બંધાય છે.

...... અલબત્ત, આ અભ્યાસ સામગ્રી પરિપૂર્ણ નથી; ન જ હોય. જેમ જેમ ઉપયોગ થશે તેમ તેમ એની ખામીઓ પણ ઉજાગર થશે, સૂચનો મળતાં રહેશે તેમ તેમ એ વધુ બહેતર થતી રહેશે..... બદલાશે અને બદલાતા સમય સાથે સુસંગત થતી રહેશે એ જ અપેક્ષા.

તો આજે....... ગુજરાતની અવૈધિક-બાળકેળવણીના ક્ષેત્રે; જેમાં અક્ષરજ્ઞાન વિનાના જ્ઞાનનો મહિમા કર્યો છે અને કંઠસ્થ વિદ્યા-કહી, સાંભળીને સજીવ રહેલી વિદ્યાને નવા જમાનાનો, વર્તમાન સમયનો ઓપ મળ્યો છે - એવા આ પ્રયત્નને નમ્રતાપૂર્વક તમારા હાથમાં મૂકીએ છીએ અને આશા રાખીએ છીએ કે આવા અનેક પ્રયત્નો થાય, બોલી/ભાષા અને સમાજ-સંસ્કૃતિની ક્ષિતીજોને સ્પર્શીને, બાળકેળવણી ચોમેર, છેવાડાનાં એકે એક જણ સુધી પહોંચે.

**સરૂપ ધ્રુવ**
*'દર્શન'*
**અમદાવાદ.**

# આ અભ્યાસ ક્રમના હેતુઓ

૧. બાળક પોતાની જ્ઞાનેન્દ્રિયો (આંખ, કાન, નાક, જીભ અને ચામડી) દ્વારા બહારના જગતમાંથી સ્વાનુભવ દ્વારા પ્રાથમિક જ્ઞાન પ્રાપ્ત કરે.

૨. આસપાસના જગતને ઓળખે અને તેની સાથે સંબંધ બાંધે.

૩. ધીમે ધીમે લાગણીતંત્રનો વિકાસ થાય.

૪. પૂર્વ પ્રાથમિક શિક્ષણનાં વિવિધ માધ્યમો દ્વારા પોતાને અભિવ્યક્ત કરતાં શીખે.

૫. Three 'H' હેન્ડ, હેડ, હાર્ટ (હાથ, મગજ અને હૃદય) કેળવાય.

૬. સુટેવોનું ઘડતર થાય.

૭. વ્યક્તિત્વ વિકાસ થાય.

૮. સ્વમાન જાગૃત થાય.

૯. ખેલદિલીનો ગુણ કેળવાય.

૧૦. સમૂહમાં કામ કરતાં શીખે.

૧૧. બીજાને મદદરૂપ થવાનું વલણ કેળવે.

૧૨. પરસ્પર સંબંધ કેળવતાં શીખે અને તેનું મહત્ત્વ સમજે.

## બાળ વિકાસની પ્રાથમિક જરૂરિયાતો

૧. પ્રેમ અને પ્રોત્સાહન

૨. પૌષ્ટિક આહાર

૩. પોતાની મસ્તીમાં રહેવું

૪. માતા-પિતા એને સાંભળે, એની સાથે વાતચીત કરે.

## શિક્ષકોને સૂચના

સામુહિક પ્રવૃત્તિની શરૂઆતમાં બાળકને હસીને આવકારવું. નક્કી કરેલી પ્રાર્થના ગવડાવવી, કહી સંભળાવવા. ગામના ખાસ બનાવો જેમાં બાળકોને રસ પડે.

૧. બાળકો સમજી શકે તેવા સમાચાર, બાળકો પાસે વાર્તાકથન કરાવવું. કોઈ બાળકનો સારો નમૂનો કે સારું ચિત્ર બતાવી પ્રોત્સાહન આપવું. થઈ ગયેલું ગીત ગવડાવવું.

૨. પ્રવૃત્તિમાં દરરોજ જુદી જુદી કરાવવી.

૩. છોકરો-છોકરીને સાથે બેસાડવાં.

૪. નાસ્તો માત્ર છોકરીઓ પાસે ન પીરસાવવો.

૫. મંત્ર બોલાવવો. બધાં સાથે, વ્યવસ્થિત રીતે ખાય તે ખૂબ જરૂરી છે.

૬. જગાસફાઈ બધાં છોકરાં-છોકરી પાસે વારાફરતી કરાવવી.

૭. છેલ્લે બધાં બાળકો લાઈનમાં ઊભાં રહે. નારા બોલે, 'આવજો' કરીને છૂટાં પડે.

૮. દરેક પાઠમાં તહેવાર, ખાસ દિવસ વગેરે માહિતી આપેલી છે. કારણસર તેમાં જરૂરી ફેરફાર શિક્ષકોએ પોતાની વિવેકબુદ્ધિ પ્રમાણે કરવા.

# અવૈધિક શિક્ષણ

બાળક અને તેના શિક્ષણ વિષે મૅડમ મોન્ટેસોરી, ગિજુભાઈ અને અનેક શિક્ષણશાસ્ત્રીઓએ વિચાર્યું છે, અનેક પ્રયોગો કર્યા છે. કામ કરતાં કરતાં તેમણે તારણ કાઢ્યું છે કે શાળામાં અપાતા વૈધિક શિક્ષણ (શાળાનું શિક્ષણ લેવા)માટે બાળક માનસિક અને શારીરિક રીતે પૂરાં પાંચ વર્ષ પછી જ તૈયાર થાય છે. જ્યાં તેને નક્કી કરેલા અભ્યાસક્રમ પ્રમાણે વાંચન, લેખન, અંકગણિત વગેરે વિષયો નક્કી કરેલા સમયમાં શીખવવામાં આવે છે. આ રીતે શાળામાં અપાતા પદ્ધતિસરના શિક્ષણને વૈધિક શિક્ષણ કહે છે.

પાંચ વર્ષ સુધીનું બાળક શિશુ અવસ્થાનું છે. શિશુ અવસ્થા પૂરી થવાની તૈયારી પહેલાં બાળકને વૈધિક શિક્ષણ આપવું તે મનોવૈજ્ઞાનિક અને શિક્ષણશાસ્ત્રીઓના મત પ્રમાણે શારીરિક અને માનસિક રીતે હાનિકર્તા છે. પણ તેનો અર્થ એવો નથી કે પાંચ વર્ષ સુધી બાળક કશું જ શીખી શકતું નથી. પહેલાં પાંચ વર્ષ દરમિયાન બાળક ઘણું બધું શીખી શકે છે. ભાવિ જીવન માટે જરૂરી વિકાસ (ખાસ કરીને સાંભળવું, જોવું અને બોલવું.) બાળકની જ્ઞાનેન્દ્રિય દ્વારા કેળવાય છે અને તે જ તેનો આંતરિક વિકાસ કરે છે.

ઉપરોક્ત વિકાસ માટે તેને અક્ષરજ્ઞાન અને અંકજ્ઞાનની (વૈધિક શિક્ષણની) કોઈ જરૂર નથી. આપણને પ્રશ્ન થાય કે આ કેવી રીતે શક્ય બને? તેનો જવાબ છે અવૈધિક શિક્ષણ દ્વારા – આ શબ્દ આપણે સાંભળ્યો છે, કંઈક પુસ્તકમાં કદાચ વાંચ્યો છે.

અવૈધિક શિક્ષણ એટલે બાળકોને સમજીને તેમની શક્તિ પ્રમાણે તેમની ગમતી ક્રિયાઓ દ્વારા, સમય અને સમયપત્રકના બંધન વિના, કુદરતી વાતાવરણમાં તેમની સાથે કેટલીક પ્રવૃત્તિઓ દ્વારા તેમની જ્ઞાનેન્દ્રિયોને કેળવવી. આસપાસના વાતાવરણથી પરિચિત કરવાં, ઋતુઓનો આનંદ માણવા દેવો અને વ્યક્તિત્વનો વિકાસ કરવો. ટૂંકમાં બાળકને તેની ઉંમરના પ્રમાણમાં તે સરળતાથી પચાવી શકે તેવો ખોરાક આપવો. કોઈને વિચાર આવે આવું તો બધાં બાળકો કરતા હોય તેમાં શિક્ષક અને શિક્ષણની શી જરૂર?

વર્તમાન યુગમાં (સમાજમાં) બાળક સાથે સમ વીતાવવાનો સમય આપણી પાસે નથી. ઊંડાણનાં ગામડાંઓમાં વસતા સમાજમાં હજુ શિક્ષણની જરૂરિયાત સમજાઈ નથી માટે બાળકને વિકાસની તકો મળતી નથી. તેથી ઘરમાં જે વાતાવરણ અને તકની ખામી છે તે આપણે બાલ વિકાસ કેન્દ્રોમાં પૂરી કરવાની છે. બાલ વિકાસ કેન્દ્રના પ્રેમાળ વાતાવરણમાં બાળકોનો સર્વાંગી (શારીરિક, માનસિક, ભાવાત્મક અને સામાજિક) વિકાસ

કરવાનો છે. કેટલાંક ઊંડાણના પ્રદેશોમાં તો પહેલી શિક્ષિત પેઢી તૈયાર કરવાની છે. વાલીઓમાં જાગૃતિ લાવવાની છે. તેનું સાતત્ય જાળવવાનું છે અને તે પણ અવૈધિક શિક્ષણ દ્વારા. બહુ મોટી જવાબદારી છે.

આ રીતે શિક્ષણ આપવા માટે સૌ પ્રથમ તો બાળકને તેનાં કુદરતી લક્ષણો સાથે ઓળખવું પડશે. તેના વર્તનને સમજવું પડશે. બાળકને શું ગમે છે? તેને શું જોઈએ છે? તે જાણવું પડે અને તે પ્રમાણે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવું પડે.

જે વિસ્તારમાં કામ કરવાનું છે તે વિસ્તારના સમાજ અને તેની સામાજિક પરિસ્થિતિ તથા આસપાસના પર્યાવરણનો અભ્યાસ પણ કરવો પડે.

આગળના પ્રકરણમાં આપણે આ મુદ્દાઓની ચર્ચા કરીશું.

## નિર્માણ અને પ્રાપ્તિસ્થાન

**દર્શન**

૯/A ૪ સહજાનંદ ટાવર, જીવરાજ પાર્ક,

અમદાવાદ ૩૮૦ ૦૫૧

## સહયોગ અને પ્રાપ્તિસ્થાન

PEOPLE • MOVEMENT • CHANGE

BSC


## બિહેવિયરલ સાયન્સ સેન્ટર

સેંટ ઝેવિર્સ કૉલેજ કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદ ૩૮૦ ૦૦૯.

ફોન નંબર : (૦૭૯) ૨૬૩૦ ૪૯૨૮ / ૨૬૩૦ ૩૫૭૭

ફેક્સ નંબર : (૦૭૯) ૨૬૩૦ ૭૮૪૫

ઈમેલ : sxfesad1@vsnl.net, sxnfesad1@sancharnet.in,








ANAND PRESS, ANAND • anandpress@gmail.com